# ભોળાનાથના ભકિતરસમાં ભાવિકો ભીંજાયા


સમદર્શન આશ્રમ, સેક્ટર-૧


ગાયત્રી મંદિર, સેક્ટર-૨


રામેશ્વર મહાદેવ, સેક્ટર-૩


ઓમકારેશ્વર મહાદેવ, સેક્ટર-૪


શિવશક્તિ મંદિર, સેક્ટર-૫


પંચદેવ મંદિર, સેક્ટર-૨૨


ત્ર્યંબકેશ્વર મહાદેવ, સેક્ટર-૮


સોમનાથ મહાદેવ, સેક્ટર-૧૬






**શિવમંદિરોમાં સવારથી જ ભાવિકોની ભીડ જામી : હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના જયઘોષથી નગરના શિવમંદિરોમાં ભાવિકોએ શિવજીની પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી : દિવસની સાથે રાત્રિના સમયે પણ ચાર પ્રહરની પુજામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો : પંચદેવ મંદિરના મેળામાં પણ ભાવિકો માટી સંખ્યામાં શહેરીજનો અને આસપાસના ગ્રામજનોએ મુલાકાત લીધી**

ગાંધીનગર તા ૨૧

આજે શિવરાત્રિના પાવન પર્વની ઉજવણીમાં ભાવિકો ભોળાનાથના ભકિતમાં તરબોળ થયા હતા. નગરમાં શિવભકિતનો અનોખો રંગ જોવા મળ્યો હતો. રંગોળી ,રોશની અને રંગબેરંગી ફુલોથી સુશોભિત શિવમંદિરોમાં સવારથી જ શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત લઘુરુદ્ર , હોમાત્મક, શિવમહીમ્મન સ્તોત્ર, રાત્રિના ચાર પ્રહરની પુજા બીલીપત્રનો અભિષેક ,સુંદરકાંડ, આનંદનો ગરબો , ધુન અને ભજન વચ્ચે બમ બમ ભોલેના જયધોષથી નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળી હતી. સે-૨૨ પંચદેવ મંદિર પાસે ભવ્ય મેળામાં પણ મોટી સંખ્યામાં શહેરીજનો તેમજ આસપાસના ગ્રામજનોઅ મુલાકાત લીધી હતી. શિવરાત પર્વની નગરમાં ભકિતભાવના સાથે પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

શિવરાત્રીના પવિત્ર અવસરે આજે શહેરમાં શિવભકિતનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. નગરના શિવમંદિરોમાં સવારથી જ ભાવિકોની ભીડ જોવા મળી હતી. ઓમ નમ : શિવાય અને બમ બમ ભોલેના જયઘોષ વચ્ચે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. શહેરના શિવમંદિરો સાંજ ઢળતા જ રંગબેરંગી રોશનીથી જળહળતા જોવા મળ્યા હતા. જયારે શિવમંદિરોમાં રંગોળી અને ફુલોનુ સુશોભન પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ. સવારથી જ ભાવિકો શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરવા ઉત્સુક બન્યા હતા. શિવજી પર અભિષેક કરવાની સાથે બિલી અર્પણ કરીને ભાવિકોએ ભોળાનાથના આર્શીવાદ મેળવ્યા હતા. નગરના વિવિધ શિવમંદિરોમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર પાસે ભવ્ય મેળાનુ પણ આયોજન કરાયુ હતુ. આ ઉપરાંત સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરમાં શિવરાત્રિ નિમિત્તે શિવરાત્રિ નિમિત્તે પ્રહર પુજા અને લઘુરુદ્રનુ આયોજન કરાયુ હતુ. જયારે સે-૩ ડી રામેશ્વર મંદિર ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા બરફના શિવલીંગની ઝાંખીના દર્શન કરવા પણ ભાવિકોની ભીડ જામી હતી. સે-૪ સ્થિત ઓમકારેશ્વર મંદિરમાં પણ સવારથી જ ભાવિકોએ શિવલીંગ પર જળ દુધ અને નાળિયેર પાણીનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં પણ ભાવિકોની ભીડ જોવા મળી હતી. મહાઆરતીમાં પણ ભાવિકો દર્શન માટે ઉમટી પડયા હતા. સે-૨ માં બાલા હનુમાન મંદિર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે સવારથી જ યજ્ઞ, આનંદનો ગરબો તથા સુંદરકાંડના પાઠનો પણ ભાવિકોએ લાભ લીધો હતો. સે-૨૮ દત્ત મંદિરમાં શિવરાત્રીને અનુલક્ષીને રંગ અવધુત પરિવાર દ્વારા અભિષેકાત્મક લુઘુરુદ્ર અને હોમાત્મક લઘુરુદ્રના દર્શનનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સે-૧ સ્થિત સમદર્શન આશ્રમમાં પુજય ગુરુમાની ઉપસ્થિતિમાં સનદી અધિકારી જયંતિ રવિ તેમજ ગૃપના કલાકારોએ સંકિર્તન કર્યુ હતુ. આ તબક્કે મોટી સંખ્યામાં ભાવિકો

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્દિરાબ્રીજથી મોટેરા સ્ટેડિયમ વચ્ચે ૮ સાંસ્કૃતિક કાર્યક્રમના સ્ટેજ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૧

૨૪મી ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર ''નમસ્તે ડોનાલ્ડ ટ્રમ્પ'' અને પ્રધાનમંત્રી મોદી અને ટ્રમ્પના રોડ-શૉના આયોજનને હવે આખરી ટચ આપવામાં આવી રહ્યો છે.

આ માટે જિલ્લાતંત્ર દ્વારા જુદી જુદી ટીમોની રચના પછી હવે ત્યાં ઉભી કરાયેલ વ્યવસ્થાઓના સંકલન માટેની કવાયત હાલ ચાલી રહી છે. જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ લોકો આ બન્ને કાર્યક્રમમાં જોડાવાના છે. છેલ્લા ૧૦ દિવસથી તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્દિરાબ્રીજથી મોટેરા સ્ટેડિયમના માર્ગ પર જિલ્લા દ્વારા જુદી જુદી કલા સંસ્કૃતિ દર્શાવતા ૮ જેટલા સ્ટેજ ઉભા કરવામાં આવનાર છે.

**મોટેરા અને રોડ-શૉના કાર્યક્રમ માટે દર પંદર મિનિટે બસ ઉપડશે**

''નમસ્તે ડોનાલ્ડ ટ્રમ્પ''ના કાર્યક્રમમાં જનાર બસો દર પંદર મિનિટના અંતરે જે તે નક્કી કરાયેલા રૂટ પરથી પસાર થશે. મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાયેલ આ કાર્યક્રમ માટે ગાંધીનગર જિલ્લામાંથી ૩૦૦થી વધુ બસો જવાની છે.

આ ઉપરાંત આ માટેના કલાકારોની ટીમો અને ટીમના સભ્યોની સંખ્યા પણ નિયત કરી દેવામાં આવી છે.

આ ૮ કલા સ્ટેજ પર ટિપ્પણી, હુડો, ગરબો, મણિયારો, આદિવાસી નૃત્ય, પ્રાચીન ગરબા જેવી કૃતિઓ રજુ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ માટે સવારે ૮.૩૦ વાગ્યાથી બસો રવાના કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લાકક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ પણ ખાસ કંટ્રોલરૂમ ઉભા કરી અને સતત મોનીટરીંગ કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં યુવાઓ મોટી સંખ્યામાં જોડાય તે માટે તંત્ર સતત દોડધામમાં વ્યસ્ત છે.

## આકરા ઉનાળાના સંકેત

**સપ્તાહ આખુ ૩૫ ડિગ્રી તાપમાન રહેશે**

ગાંધીનગર, તા. ૨૧

તા. ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી દરમ્યાન ૩૫ ડિગ્રી સે. મહત્તમ તાપમાન રહેશે જે આ સપ્તાહથી આકરા ઉનાળાના સંકેતો આપે છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૯માં આગાહી કરવામાં આવ્યા મુજબ આગામી પાંચ દિવસ આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સે. રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬-૧૯ ડિગ્રી સેલ્સીયેસ રહેવાની સંભાવના છે. આ બુલેટીનમાં જણાવ્ય પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૧૧ થી ૪૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૭ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

તાપમાન વધવાથી પાકમાં મોલો જીવાતનું પ્રમાણ ક્ષમ્ય માત્રા કરતાં વધુ જોવા મળે તો તેના નિયંત્રણ માટે ગ્રામસેવકોના સંપર્કમાં રહી જરૂરી પગલાં લેવા જણાવાયુ છે.

## રીટાબેન પટેલની મેયર પદે નિમણુંકની કાર્યવાહીને હાઈકોર્ટે યોગ્ય ઠેરવી

**મેયરની તરફેણમાં હુકમ હાઈકોર્ટે વિપક્ષની પીટીશન ફગાવી**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન કેતનકુમાર પટેલની નિમણુંકને યોગ્ય ઠેરવામાં આવેલ છે. ગુજરાતની વડી અદાલતમાં આ નિમણુંકની કાર્યવાહીને પડકારવામાં આવી હતી.

સાત મહિનાથી પણ વધુ સમય ચાલેલી આ કાનૂની લડતમાં રીટાબેન પટેલની જીત થતાં ભાજપે રાહતનો શ્વાસ લીધો છે.

ગુજરાત હાઈકોર્ટે આપેલ મહત્વપૂર્ણ ચુકાદામાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પદે શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલની નિમણૂંકનો યોગ્ય ઠેરવવામાં આવેલ છે. વિપક્ષે મેયર પદે શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલની તા. ૫-૧૧-૧૮ના રોજ નિમણૂંકની કાર્યવાહીનો હાઈકોર્ટમાં પડકારી હતી. લાંબા સમયથી ચાલતા કેસની લડતમાં સચ્ચાઈની જીત થઈ છે. હાઈકોર્ટે મેયરની તરફેણમાં ચુકાદો આપતાં વિપક્ષની બંને પીટીશનને ફગાવી દીધેલ છે. સૌના સાથ, સૌના વિકાસ અને સૌનો વિશ્વાસના ભારતીય જનતા પાર્ટીના સૂત્રને ચરિતાર્થ કરી રહેલા ગાંધીનગર મહાનગરપાલિકા તંત્રમાં લોકતાંત્રિક ઢબે ચુંટાયેલ મહિલા મેયરને હોદ્દાથી દૂર રાખવા માટે રાજકીય કાવા-દાવા ઉપરાંત કાનૂની વિવાદ પણ ઉભો કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## મિલકત-આકારણી અંગે ૧૭૦ વાંધા અરજી તંત્રને મળી

**કામગીરી સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે એમ તંત્રનો દાવો**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરની ખાનગી મિલ્કતોની કરાયેલી નવેસરથી આકારણી સામે ૧૭૦ જેટલા વસાહતીઓ દ્વારા વાંધા અરજીઓ રજુ કરવામાં આવી છે.

મનપા દ્વારા આ આકારણી માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો. આ પછી આ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ હતુ અને લોકો પાસેથી તે અંગે વાંધા સૂચનો માંગવામાં આવ્યા હતા. ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં આ વાંધા સૂચનો રજુ કરવાના હતા.

મળતી વિગતો પ્રમાણે આધુનિક ટેકનોલોજીની મદદથી કરાયેલ આકારણીમાં પણ છબરડાઓ થયા છે. જો કે જે વાંધા આવ્યા છે તે સામાન્ય પ્રકારના હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. જેમાં કેટલીક ક્ષતિઓ તો સાવ સામાન્ય પ્રકારની રહી હોવાનો આડકતરો એકરાર પણ તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

વાંધા-અરજી રજુ કરવા માટે ફોર્મની કિંમત રાખવામાં આવી હોવાથી કેટલાક લોકોએ વાંધા આપવાનું ટાળ્યું હોવાની પણ વાતો બહાર આવવા પામી છે.

જો કે તંત્રનો દાવો છે કે આ કામગીરી સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે. પબ્લીક એડ્રેસ સિસ્ટમ પર પણ વારંવાર જાહેરાતો કરાઈ હતી તેમજ ૪૦ જેટલા હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા હતા. શહેરની તમામ મિલ્કતોની પુનઃ આકારણી કરવામાં આવી છે.

સામાન્યતઃ દર ચાર વર્ષે આ આકારણી થતી હોય છે પરંતુ ટાંચા સાધનોને લઈ મનપાએ મિલ્કતવેરો લાગુ કર્યા પછી પુનઃ આકારણી પહેલીવાર થઈ છે. કેટલાક બે માળના મકાનોને ડુપ્લેકસ બંગલા તો આવા જ કેટલાક મકાનોને ટેનામેન્ટ તરીકે મિલ્કત રજીસ્ટરમાં લગાવવામાં આવ્યા હોવાની વાતો પણ છે. કયાંક ભાડુઆત નહિ હોવા છતાં ભાડુઆતો બતાવાયા છે.

### બેસણું / સુંવાળા



અમારા પૂજ્ય પિતાશ્રી **બળદેવસિંહ છગુભા વાઘેલા** તા. ૧૮-૨-૨૦૨૦ ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ શ્રીનાથજી બાવાને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું નીચેના સ્થળે રાખેલ છે.**

બેસણું:- તા. ૨૩-૨-૨૦૨૦ રવિવારે સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાક સુધી સ્થળ :- શ્રી રાજપૂત સમાજ ભવન, સિવિલ હોસ્પિટલ પાછળ, સેક્ટર- ૧૨, ગાંધીનગર. રાખેલ છે.

બેસણું / સુંવાળા:- તા. ૨૪-૨-૨૦૨૦ સોમવારે સવારે ૯-૦૦ થી ૪-૦૦ કલાક સુધી, સ્થળ :- શ્રીનાથજી ભુવન, મુ. બિલોદરા, તા. માણસા, જી. ગાંધીનગર. સમાજના રીત રિવાજ મુજબ રાખેલ છે.

નોંધ :- ગરુડ પુરાણ બેસાડેલ છે. કાંણ - મોકાણ બંધ રાખેલ છે.

જયદીપસિંહ વિક્રમસિંહ વાઘેલા
એડવોકેટ, હાઈકોર્ટ
કિર્તિરાજસિંહ કરણસિંહ વાઘેલા
ઋષિરાજસિંહ મુકુંદસિંહ વાઘેલા
પ્રણયસિંહ જયદીપસિંહ વાઘેલા
જીવણસિંહ છગુભા વાઘેલા
પૃથ્વીસિંહ છગુભા વાઘેલા
મગનસિંહ છગુભા વાઘેલા

લિ. વિક્રમસિંહ બળદેવસિંહ વાઘેલા
A.S.I., નારણપુરા પો. સ્ટે.
કરણસિંહ બળદેવસિંહ વાઘેલા
એડવોકેટ, મેમ્બર - BCG
મુકુંદસિંહ બળદેવસિંહ વાઘેલા
શંકરસિંહ પ્રતાપસિંહ વાઘેલા
લાલસિંહ પ્રતાપસિંહ વાઘેલા
જસવંતસિંહ પ્રતાપસિંહ વાઘેલા

તથા સમસ્ત વાઘેલા પરિવાર - બિલોદરા
M. 98796 40262 / 99256 03013

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com